ટ્રોમા સેન્ટરની બહાર જવા દેવામાં આવતા નહોતા

# ભાવનગર મેડિકલ કોલેજમાં 13 જુનિયર તબીબ સાથે 6 મહિના સુધી રેગિંગ




15 દિવસથી નહાવા જવા નહીં દેવાયા



વારંવાર મુરગા બનવાની સજા



કલાકો સુધી એક પગે ઊભા રખાતા હતા

**માનસિક**-શારીરિક ત્રાસ આપનાર 6 સિનિયર સસ્પેન્ડ

**જલસા** માટે 2.50 લાખ વસૂલ્યા હોવાના ગંભીર આક્ષેપ

ગાંધીનગર: ભાવનગરની સર ટી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં મેડિકલ શિક્ષણ જગતને શર્મસાર કરતી વધુ એક ગંભીર રેગિંગ ઘટનાએ રાજ્યભરમાં ભારે ચકચાર મચાવી છે. ઓર્થોપેડિક વિભાગના બીજા વર્ષના 6 સિનિયર રેસિડન્ટ તબીબોએ પ્રથમ વર્ષના 13 જુનિયર તબીબો પર છ મહિનાથી રેગિંગ કરતાં 6 આરોપી સિનિયર તબીબો કોલેજ તંત્રએ સસ્પેન્ડ કરી દીધા છે. સમગ્ર ઘટનાને રાજ્ય સરકાર દ્વારા અત્યંત ગંભીરતાથી લેવામાં આવી છે અને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ તાત્કાલિક નિષ્પક્ષ તપાસના આદેશ આપ્યા છે.

પીડિત તબીબોની ફરિયાદ મુજબ સિનિયર તબીબો દ્વારા જુનિયરોને કલાકો સુધી મુર્ગા બનવાની સજા આપવામાં આવતી હતી, એક પગે ઊભા રાખવામાં આવતા હતા, હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની બહાર જવા દેવામાં આવતા નહોતા તેમજ સમયસર જમવા, ઊંઘવા અને છેલ્લા 15 દિવસથી નાહવાની પણ છૂટ આપવામાં આવી ન હતી. દારૂ, જમણવાર અને અન્ય ખર્ચના નામે આશરે રૂ. 2.50 લાખની ઉઘરાણી કરવામાં આવી હોવાનો પણ આરોપ છે.

ફરિયાદ મળતા મેડિકલ કોલેજના ડીન દ્વારા પીડિતો, આરોપી વિદ્યાર્થીઓ અને સંબંધિત ફેકલ્ટીના નિવેદનો લેવામાં આવ્યા હતા. ત્યારબાદ મળેલી એન્ટી રેગિંગ કમિટીની મેરેથોન બેઠકમાં તમામ પક્ષકારોની પૂછપરછ કરવામાં આવી હતી

## એન્ટી રેગિંગ કમિટિની બેઠકનો વીડિયો એક તબીબે ચશ્મામાં સ્પાય કેમેરાથી ઉતારી લીધો



જ્યારે એન્ટી રેગિંગ કમિટીની બેઠક દરમિયાન ઓર્થોપેડિક વિભાગના ડો. પીનાકીન વોરા પર સ્પાય કેમેરા લગાવેલા ચશ્મા પહેરી બેઠકની માહિતી રેકોર્ડ કરવાનો પ્રયાસ કર્યાનો આરોપ લાગ્યો હતો. આ મામલે ડીન દ્વારા તેમની પાસે માફીપત્ર માંગવામાં આવ્યું છે, જ્યારે સરકારી સેવામાં રહી ખાનગી પ્રેક્ટિસ તથા વિભાગમાં ચાલતી રેગિંગથી અજાણ હોવાના મુદ્દે પણ અનેક સવાલો ઊભા થયા છે. રાજકીય અને સામાજિક સંગઠનો પણ આ મુદ્દે સક્રિય બન્યા છે. એનએસયુઆઈએ આરોપી તબીબોને રસ્ટિકેટ કરી પોલીસ ફરિયાદ નોંધવાની માંગ કરી છે, જ્યારે એબીવીપીએ દોષિતોને દાખલારૂપ સજા અને નિર્દોષ વિદ્યાર્થીઓને ન્યાય મળે તેવી રજૂઆત કરી છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)ની ભાવનગર શાખાએ પણ કડક કાનૂની કાર્યવાહી કરીને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માંગણી કરી છે.

## ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસી પ્રવેશ માટે પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર

અમદાવાદ: રાજ્યની પ્રથમ વર્ષ ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની નોંધણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રવેશ સમિતિ દ્વારા 19 જૂન, 2026ના રોજ પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે. સાથે જ વિદ્યાર્થીઓ માટે મોક રાઉન્ડની ચોઈસ ફિલિંગ પ્રક્રિયાનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ 25 જૂન, 2026 સુધી ચોઈસ ફિલિંગ કરી શકશે. જ્યારે ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસીનું ફાઈનલ મેરિટ લિસ્ટ તથા મોક રાઉન્ડનું પરિણામ 27 જૂન, 2026ના રોજ જાહેર કરવામાં આવશે.

પ્રવેશ વર્ષ 2026 માટે ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસીમાં કુલ 14,418 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. જેમાંથી ગુજસેટ અને બોર્ડ આધારિત મેરિટ મુજબ 13,461 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાં 5,639 વિદ્યાર્થી અને 7,822 વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે. પ્રવર્તમાન નિયમો અનુસાર સરકારી અને અનુદાનિત સંસ્થાઓની 95 ટકા બેઠકો તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની 50 ટકા બેઠકો પર ગુજસેટના આધારે પ્રવેશ આપવામાં આવશે. જ્યારે સરકારી બેઠકોમાંથી 5 ટકા બેઠકો જેઈઈ/નીટ આધારિત રહેશે. નીટનું પરિણામ જાહેર થયા બાદ સંબંધિત મેરિટ યાદી તૈયાર કરવામાં આવશે.

મેરીટ યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓમાં ગુજરાત બોર્ડના 12,049, CBSEના 1,223 તેમજ ICSE, Cambridge, NIOS, IB અને અન્ય બોર્ડના કુલ 189 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. કેટેગરી મુજબ જનરલના 4,539, ઈડબલ્યુએસના 2,686, એસસીના 908, એસઈબીસીના 4,130 અને એસટીના 1,198 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ 25 જૂન, 2026 સુધી ચોઈસ ફિલિંગ કરી શકશે. જ્યારે ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસીનું ફાઈનલ મેરિટ લિસ્ટ તથા મોક રાઉન્ડનું પરિણામ 27 જૂન, 2026ના રોજ જાહેર કરવામાં આવશે. પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત રાજ્યની કુલ 160 સંસ્થાઓમાં 12,820 બેઠકો ઉપલબ્ધ છે.

# ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનને ૩૦૦ અબજ ડોલરનું ભંડોળ અપાવવા માટે કેમ તૈયાર થયા?



અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થયો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત બાદ તેહરાને પણ તેની પુષ્ટિ કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પે આ કરારને એક મોટી સફળતા ગણાવી છે, જે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલશે. હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે આ કરાર માટે ૩૦૦ અબજ ડોલરની કિંમત નક્કી કરવામાં આવી છે. ઈરાની મીડિયાએ તેને યુદ્ધના નુકસાનના વળતર તરીકે રજૂ કર્યો છે. જોકે, અમેરિકન રાષ્ટ્રપતિએ આ વાતનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે એવા અહેવાલોને નકારી કાઢ્યા હતા કે તેમનું વહીવટીતંત્ર યુદ્ધ સમાપ્ત કરવાના કરારના ભાગરૂપે ઈરાન માટે ૩૦૦ અબજ ડોલરના ભંડોળ પર વિચાર કરી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પની આ ટિપ્પણીને કારણે ૩૦૦ અબજ ડોલરનું રહસ્ય ઘેરું બન્યું છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સે કહ્યું હતું કે જો ઈરાન કરારની શરતોનું પાલન કરે તો તેને ૩૦૦ અબજ ડોલરના પુનર્નિર્માણ ભંડોળની પહોંચ મળી શકે છે. જોકે, આ ભંડોળ ગલ્ફના દેશો દ્વારા પૂરું પાડવામાં આવશે.

અમેરિકન સમાચાર એજન્સી એક્સિઓસના એક અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકા અને ઈરાન વચ્ચેના ૩૦૦ અબજ ડોલરના સમાધાન માટે ખાડી દેશો ચૂકવણી કરશે. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ કહ્યું હતું કે અમેરિકા આ કરારમાં દસ સેન્ટ પણ ફાળો આપશે નહીં. એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ઈરાનને સમાધાનનો અડધો ભાગ મળી ગયો છે. આ અહેવાલ પછી અમેરિકાએ શા માટે યોજના બનાવવી જોઈએ અને ખાડી દેશોએ ચૂકવણી કરવી જોઈએ તે અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. રોઇટર્સે એક ઈરાની સ્રોતને ટાંકીને દાવો કર્યો છે કે તેહરાને શરૂઆતમાં યુદ્ધનાં વળતર તરીકે ૪૦૦ અબજ ડોલરની માંગણી કરી હતી, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પે ઇનકાર કર્યો હતો. પરિણામે ઈરાનના પુનર્નિર્માણ માટે ભંડોળ પૂરું પાડવા માટે એક યોજના બનાવવામાં આવી હતી. આ સમગ્ર બોજો કતાર, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત સહિત અન્ય ગલ્ફ દેશો પર નાખવામાં આવ્યો હતો. આનો પુરાવો વ્હાઇટ હાઉસના પ્રવક્તાનું નિવેદન છે, જેમાં તેમણે ઉપપ્રમુખ જેડી વાન્સના ઇન્ટરવ્યુનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે જો ઈરાન કરારનું પાલન કરે તો તેને ગલ્ફના દેશોમાંથી ૩૦૦ અબજ ડોલરનું ભંડોળ મળી શકે છે.

યુદ્ધ પોઈન્ટ ■ સંજય વોરા ■

આ સોદા મુજબ ઈરાનને કોઈ રોકડ રકમ ચૂકવવામાં નહીં આવે પણ તેમના દેશમાં ૩૦૦ અબજ ડોલરનું રોકાણ કરવામાં આવશે. ગલ્ફના દેશો ૩૦૦ અબજ ડોલરની લોન આપશે અને તેવી જ રીતે ખાનગી કંપનીઓને પણ ઈરાનમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. જ્યારે અમેરિકા આ રોકાણ કાર્યક્રમનો ભાગ બનશે, ત્યારે એશિયા અને આફ્રિકાની ખાનગી કંપનીઓને પણ આમ કરવા માટે કહેવામાં આવશે. દક્ષિણ કોરિયા, જાપાન, સિંગાપોર અને મલેશિયાની કંપનીઓનાં પણ નામ આપવામાં આવ્યાં છે. સૂત્રોનો દાવો છે કે ઈરાનનાં લોજિસ્ટિક્સ, મેન્યુફેક્ચરિંગ અને ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રોને રોકાણ માટે પસંદ કરવામાં આવ્યાં છે.

આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે બંને દેશો વચ્ચે એમઓયુ પર ઔપચારિક હસ્તાક્ષર થયા પછી રોકાણ ભંડોળનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવામાં આવશે તે નક્કી કરવા માટે ૬૦ દિવસની અંદર એક યોજના વિકસાવવામાં આવશે. જો કે, ઈરાન આ ભંડોળનો ઉપયોગ ફક્ત ત્યારે જ કરી શકશે જો તે સંમત થયેલી બધી શરતોનું પાલન કરે. આ શરતો મુજબ ઈરાને પરમાણુ શસ્ત્રો ન રાખવાની બાંયધારી આપવી, તેના સમૃદ્ધ યુરેનિયમને નિષ્ક્રિય કરવું અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા જહાજોની અવરજવરને અસર ન કરવી તેવું નક્કી કરવામાં આવ્યું છે. જો ઈરાન તેમાંની એક પણ શરત પાળવામાં નિષ્ફળ જાય તો તેને ૩૦૦ અબજ ડોલરની લોન મળશે નહીં.

યુદ્ધનો અંત લાવવા માટે ગલ્ફના દેશો ઈરાનને વળતર ચૂકવવા કેમ તૈયાર થયા? તે પણ સમજવા જેવું છે. આનું કારણ એ છે કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધથી આ દેશોને સૌથી વધુ નુકસાન થયું છે. તેમની તેલ સુવિધાઓ અને બંદર કામગીરી લગભગ લકવાગ્રસ્ત છે. ગલ્ફના દેશો ઇચ્છે છે કે આ ક્ષેત્રમાં શાંતિ રહે જેથી ટ્રાફિક ફરી શરૂ થઈ શકે. અમેરિકા અને ઈરાન વચ્ચેના ત્રણ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષથી હોર્મુઝ સ્ટ્રેટ સૌથી વધુ પ્રભાવિત થયો છે. વિશ્વનો સૌથી મોટો દરિયાઈ તેલ વેપાર તેના વાટે થાય છે. ઈરાન સાથે સતત સંઘર્ષના કારણે તેલના ભાવ પર અસર થઈ છે. મોટાભાગના ગલ્ફ દેશોની અર્થવ્યવસ્થા તેલ વેપાર પર નિર્ભર છે, તેથી જ તેઓ શક્ય તેટલી ઝડપથી તણાવ ઓછો કરવા માંગે છે. કતારે તો ઈરાનને ૩૦૦ અબજ ડોલરનું ભંડોળ આપવાની શરૂઆત પણ કરી દીધી છે. સાથી ગલ્ફના દેશો પણ આ માટે સંમત થયા છે.

ઈરાનના પુનર્નિર્માણની આડમાં આ ભંડોળ મેળવાઈ રહ્યું છે, પરંતુ તે વાસ્તવમાં રોકાણનું એક સ્વરૂપ છે. આ ખાનગી ભંડોળ છે, જેમાં કંપનીઓ રોકાણ કરશે. આનાથી સંકળાયેલા દેશોને ફાયદો થશે. ગલ્ફના દેશો પણ ઈરાન સાથે સંબંધો સામાન્ય કરવા માંગે છે. ઈરાન અત્યાર સુધી મધ્ય પૂર્વમાં એકલવાયો દેશ રહ્યો છે. હવે, ગલ્ફના દેશો ઈરાન સાથેના તેમના સંબંધોને એક નવા સ્તરે લઈ જવા માંગે છે, જેથી ઈરાન કોઈપણ તણાવમાં ગલ્ફના દેશોને નિશાન ન બનાવે. ગલ્ફના દેશો તરફથી આ દયાળુ વલણને અમેરિકાના દબાણ તરીકે પણ જોવામાં આવી રહ્યું છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે આ ચુકવણી એક મુખ્ય રાજકીય મુદ્દો છે, કારણ કે તેઓ ૨૦૧૬ માં ઓબામા વહીવટીતંત્ર દ્વારા ઈરાનને કરવામાં આવેલી ૧.૭ અબજ ડોલરની ચુકવણીની ટીકા કરતા રહ્યા છે. પોતાના રાજકીય વારસાને ધ્યાનમાં રાખીને ડોનાલ્ડ ટ્રમ્પ સતત એ બતાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે તેમનો ઈરાન સોદો ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાના કરાર કરતાં વધુ સારો છે. તેમણે ઈરાન પ્રત્યે કડક વલણ અપનાવ્યું છે તે સાબિત કરવા માટે પૈસા આપવાના મુદ્દાનો પણ ઉપયોગ કર્યો છે. આ કરારના લખાણ મુજબ અમેરિકા પ્રાદેશિક ભાગીદારો સાથે મળીને ઈરાનના પુનઃનિર્માણમાં મદદ કરવા માટે ઓછામાં ઓછા ૩૦૦ અબજ ડોલરની અંતિમ અને પરસ્પર સંમત યોજના વિકસાવવામાં મદદ કરશે. જો ડોનાલ્ડ ટ્રમ્પ ઓબામા દ્વારા આપવામાં આવેલા ૧.૭ અબજ ડોલરની નિંદા કરતા હોય તો તેઓ ઈરાનને ૩૦૦ અબજ ડોલર કેવી રીતે આપી શકે? તેવી મૂંઝવણમાંથી ડોનાલ્ડ ટ્રમ્પે અફલાતૂન રસ્તો શોધી કાઢ્યો છે.

એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ જણાવ્યું હતું કે આ કરાર અમેરિકાને ઈરાનને એક ડોલર પણ આપવા માટે બંધાયેલો નથી. પરંતુ કરારમાં વપરાયેલી વાસ્તવિક ભાષા તદ્દન અસ્પષ્ટ છે અને એવી શક્યતા ખુલ્લી મૂકે છે કે જો યુદ્ધનો વાટાઘાટો દ્વારા ઉકેલ મળે તો અમેરિકા ઈરાનને ભવિષ્યમાં કેટલીક ચુકવણી કરી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ માટે આ એક મોટી રાજકીય સમસ્યા બની શકે છે. બંનેએ ચૂંટણી પ્રચાર દરમિયાન વચન આપ્યું હતું કે તેઓ કોઈ નવા અનંત યુદ્ધો શરૂ કરશે નહીં. મેક અમેરિકા ગ્રેટ અગેઇનના સમર્થકો, જેમની નીતિ બીજા દેશમાં દખલગીરી નહીં કરવાની છે, તેઓ પણ આ ૩૦૦ અબજ ડોલર સામે વાંધો ઉઠાવી શકે છે.

ડોનાલ્ડ ટ્રમ્પની પોતાની રિપબ્લિકન પાર્ટીમાં પણ આ કરારની ટીકા ઝડપથી વધી રહી છે. ઘણા કોંગ્રેસ સભ્યો ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર પાસેથી આ કરાર અને તેની સાથે સંકળાયેલી અનિશ્ચિતતાઓ અંગે વિગતવાર માહિતીની માંગણી કરી રહ્યા છે. કેટલાક રિપબ્લિકન કાયદા નિર્માતાઓએ આ કરાર અંગે શંકા વ્યક્ત કરી છે, જેમાં એક અગ્રણી રિપબ્લિકન સેનેટરે ખુલ્લેઆમ તેની ટીકા કરી હતી અને કહ્યું હતું કે ટ્રમ્પે ઈરાનને ઘણી બધી છૂટછાટો આપી હતી અને બદલામાં તેમને પૂરતી છૂટ મળી ન હતી. લુઇસિયાનાના સેનેટર બિલ કેસિડી ટ્રમ્પ સમર્થિત પ્રતિસ્પર્ધી સામે પ્રાથમિક ચૂંટણી હારી ગયા હતા. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે ઈરાન તેની પરમાણુ મહત્ત્વાકાંક્ષાઓથી અસરકારક રીતે રોકાઈ શક્યું નથી. વધુમાં તેણે જાણ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટને બંધ કરવાની કે ધમકી આપવાની વ્યૂહરચના કામ કરે છે અને તે ભવિષ્યમાં તેનો ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કરશે. આ અમેરિકાની વિદેશ નીતિની સૌથી મોટી ભૂલ છે. આ દોઢ પાનાંના કરારમાં ઘણા અન્ય મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને પણ ખૂબ ઓછી જગ્યા આપવામાં આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલો કરાર અમેરિકાની હાર તરીકે પણ જોવાઈ રહ્યો છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**અમેરિકન સમાચાર એજન્સી એક્સિઓસના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકા અને ઈરાન વચ્ચેના 300 અબજ ડોલરના સમાધાન માટે ગલ્ફના દેશો ચૂકવણી કરશે**

# ગુજરાતમાં એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની રચના

ગાંધીનગર : ગુજરાતમાં ડ્રગ્સના વધતા દૂષણ અને આંતરરાજ્ય-આંતરરાષ્ટ્રીય નશીલા પદાર્થોના નેટવર્કને તોડવા માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. ગૃહ વિભાગે અધિક પોલીસ મહાનિર્દેશક (ADG)ના નેતૃત્વ હેઠળ વિશેષ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF)ની રચના કરી છે. રાજ્યભરમાં 6 વિશેષ પોલીસ સ્ટેશન સ્થાપી તેમને અલગ-અલગ જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવી છે. ડ્રગ્સની હેરફેર - દાણચોરીને ધરમૂળથી નાબૂદ કરવા માટે આ ટાસ્ક ફોર્સને કાયદાકીય રીતે વિશેષ સત્તાઓ પણ આપવામાં આવી છે.

રાજ્ય સરકારના નિર્ણય મુજબ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સમાં અધિક પોલીસ મહાનિર્દેશક થી માંડીને આઈજી, ડીવાયએસપી, પોઈ અને પોસઈ કક્ષાની અલગ-અલગ પોસ્ટો ઉભી કરવામાં આવી છે. દરેક ઝોનલ પોલીસ સ્ટેશનનું સંચાલન ડીવાયએસપી કક્ષાના અધિકારી દ્વારા કરવામાં આવશે.

# BUSINESS મિત્ર

# આઇટી શેરોમાં કડાકો: સેન્સેક્સ ૬૦૭ પોઇન્ટ તૂટ્યો

**ગ્લોબલ** કંપની એક્સેન્ચરના નબળા ગાઇડન્સની ભારતીય આઇટી સેક્ટર પર નેગેટિવ અસર; મિડકેપ-સ્મોલકેપમાં ખરીદીથી માર્કેટ બ્રેડથ પોઝિટિવ

**નિફ્ટીએ** 24000 પોઇન્ટની સપાટી જાળવી રાખી

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 19:** વૈશ્વિક ટેકનોલોજી કંપની એક્સેન્ચરના પરિણામો અને તેના નબળા ગાઈડન્સની અસર ભારતીય આઈટી કંપની ઉપર પડી હતી અ શરૂઆતમાં આઈટી શેરોમાં 6 ટકા તૂટયા હતા. એક્સેન્જરે નાણાકીય વર્ષ 2026ની આવક વૃદ્ધિ આગાહીને ઘટાડી અને પશ્ચિમ એશિયા સંબંધિત પડકારોથી ઉદભવતા સંભવિત આવકના જોખમો દર્શાવતા સેન્ટિમેન્ટ બનળું પડયું હતું. વધુમાં, ફેડરલ રિઝર્વના નીતિગત વલણ વચ્ચે રોકાણકારો સાવચેત રહ્યા હતા. સતત ફુગાવાની ચિંતાઓ અને બજારના સેન્ટિમેન્ટ પર લાંબા સમય સુધી વ્યાજદરો ઉંચા રહેવાની અપેક્ષા છે. જોકે, બજાર દિશાત્મક સંકેતો માટે ચોમાસાનો વિકાસ, એફઆઈઆઈની પ્રવૃત્તિ અને ફુગાવાના વલણો પર નજીકથી નજર રાખશે. જેના લીધે નિફ્ટી 24000 પોઇન્ટની સપાટી જાળવી રાખી હતી.

સેકટર વાઇઝ જોઈએ તો આઈટી, ઓઈલ એન્ડ ગેસ તથા રિયલ્ટી શેરોમાં નફાવસુલી જોવા મળી હતી, જ્યારે ફાર્મા, મીડિયા અને મેટલ શેરોમાં તેજી જોવા મળી હતી. કોમોડીટીઝ બજારમાં બ્રેન્ટ ક્રુડ 39 સેન્ટ એટલે કે 0.49 ટકા ઘટીને 79.46 ડોલરના સ્તરે બંધ રહ્યા હતા. કરન્સી બજારમાં રૂપિયો સુધારો જોવાયો હતો.

બીએસઇ સેન્સેક્સ 607.08 પોઈન્ટ એટલેકે 0.78 ટકા ઘટીને 76802.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76901 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 76469 પોઈન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 154.90 પોઈન્ટ એટલે કે 0.64 ટકા ઘટીને 24013.10 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આમ, નિફ્ટી 24000 પોઈન્ટની સપાટી જાળવી રાખવામાં સફળ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24047 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23901 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 278.05 પોઈન્ટ એટલે કે 0.48 ટકા ઘટીને 57685.75 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે બ્લુ સ્ટાર લિ.માં 13.52 ગણા, પિરામલ ફાર્મામાં 9.41 ગણા,આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલમાં 6.08 ગણા, ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સમાં 4.19 ગણા અને લીલા પેલેસીસ હોટલ્સમાં 3.8 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટ્રાન્સફોમર્સ એન્ડ રેકટીફાયરમાં 18 ગણા, બર્જર પેઈન્ટસમાં 14.28 ગણા, ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સમાં 8.89 ગણા, પિરામલ ફાઈ.માં 6.75 ગણા અને હોટલ લીલા પેલેસમાં 5.44 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ફ્રન્ટલાઈન શેરોની સરખામણીએ બ્રોડર માર્કેટનું સારૂં પ્રદર્શન જોવાયું હતું.બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.27 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.51 ટકા વધ્યો છે. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2234 શેરો વધ્યા હતા, જ્યારે 1995 શેરો ઘ્ટયા હતા અને કુલ 194 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 3.65 ટકા ઘટીને બંધ રહ્યા હતા. શરૂઆતમાં 6 ટકા જેટલો કડાકો બોલાયો હતો. જેમાં ઈન્ફોસીસ, એલટીએમ, ટીસીએસ, એમફાસીસ, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેકનોલોજી, પરસીસ્ટન્ટ સીસ્ટમ, કોફોર્ઝ અને વિપ્રો ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ-ઈન શાંતિ કરાર પછી ભૌગોલિક રાજકીય તણાવ હળવો થવાથી યુરોપિયન બજારો આગળ વધ્યા હતા. જ્યારે એશિયન બજારો મિશ્ર બંધ થયા હતા. જ્યારે હોર્મુઝની ખાડી ફરીથી ઓખલવાની સાથે મીડલ ઈસ્ટમાં શાંતિએ ઓઈલના ભાવ નીચા ખેચ્યા હતા અને ફુગાવાના ભયને હળવો કર્યો હતો. ડ્રેગન બોટ ફેસ્ટીવલની રજા માટે મેઈન લેન્ડ ચાઈના અને હોંગકોંગ બજાર બંધ રહ્યા છે.

### રૂપિયો સપાટ બંધ

અમદાવાદ, તા. 19: ક્રુડ ઓઇલમાં ઘટાડો આગળ વધ્યો હોવાથી રૂપિયામાં પણ શરૂઆતમાં સુધારો આગળ વધ્યો હતો, પણ છેલ્લે નજીવા સુધારા સાથે સપાટ બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો એક પૈસા સુધરીને 94.33ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.41, પાઉન્ડ 124.10, કેનેડિયન ડોલર 66.89, ઓસ્ટ્રેલિયન ડોલર 66.02, જાપાનીઝ યેન 0.5851 અને સીંગાપોર ડોલર 73.11ના સ્તરે બંધ રહ્યો હતો.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 94.32 રૂ. |
| યુરો | 108.41 રૂ. |
| પાઉન્ડ | 124.10 રૂ. |
| યેન | 0.5851 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -607.08 | 76802.90 |
| નિફ્ટી | -154.90 | 24013.10 |
| બેન્ક નિફ્ટી | 278.05 | 57685.75 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 2.22 | 264.30 |
| ભારતી એરટેલ | 1.92 | 1910.80 |
| પાવરગ્રીડ | 1.23 | 292.25 |
| એનટીપીસી | 1.06 | 365.80 |
| નેસલે ઇન્ડિયા | 1.03 | 1414.80 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 6.75 | 1051.40 |
| ટીસીએસ | 3.55 | 2125.00 |
| ટેક મહિન્દ્રા | 2.63 | 1409.60 |
| એચસીએલ ટેકનો | 2.59 | 1131.70 |
| એચડીએફસી બેન્ક | 2.40 | 779.80 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 2.22 | 264.30 |
| ભારતી એરટેલ | 1.92 | 1910.80 |
| પાવરગ્રીડ | 1.23 | 292.25 |
| એનટીપીસી | 1.06 | 365.80 |
| નેસલે ઇન્ડિયા | 1.03 | 1414.80 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 6.75 | 1051.40 |
| ટીસીએસ | 3.55 | 2125.00 |
| ટેક મહિન્દ્રા | 2.63 | 1409.60 |
| એચસીએલ ટેકનો | 2.59 | 1131.70 |
| એચડીએફસી બેન્ક | 2.40 | 779.80 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ” | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ ” | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ ” | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

## વિશ્વના 45 દેશોએ ભારતીય કેરીનો સ્વાદ ચાખ્યો

**જાપાનમાં** ભારતીય કેરી પર પ્રતિબંધ વચ્ચે પણ નિકાસમાં વધારો થયો

નવી દિલ્હી, તા. 19: આ વર્ષે ભારતીય કેરીની વિશ્વભરમાં ચર્ચા થઇ રહી છે. કેમ કે ભારતીય કેરી પર જાપાને પ્રતિબંધ લાદી દેતાં ભારે ચર્ચા જાગી હતી, બાદમાં આ કેરીની 45 દેશોમાં નિકાસ થઇ રહી છે અને નિકાસમાં પણ વૃદ્ધિ થઇ છે, જેનો ખેડૂતોને સારો લાભ થયો છે. જોકે, ભારતીય કેરીનો અમેરિકા, યુએઇ જેવા ઘણા દેશોમાં પસંદ આવી રહ્યો છે. કેરીની વધતી જતી નિકાસ છળ વિદેશમાં ચાલી રહેલા અભિયાનો પણ છે, એટલું જ નહીં ભારતની નિકાસ બાસ્કેટ પણ સતત વધી રહી છે. જ્યારે જાપાને ભારતીય કેરી પર પ્રતિબંધ મુક્યો ત્યારે દેશમાં ભારે હોબાળો મચી ગયો હતો. પરંતુ હવે જ્યારે કેરીની નિકાસ વધી રહી છે ત્યારે ખેડૂતોએ પણ રાહતનો શ્વાસ લઇ રહ્યા છે.

# રજીસ્ટ્રેશન કેન્સર થતાં ટ્રસ્ટોમાં નારાજગી

ઈન્કમટેક્ષમાં 1-4-2021થી ચેરીટેબલ ટ્રસ્ટોને કરમુક્તિ માટે કલમ-12Aના રીન્યુઅલ રજીસ્ટ્રેશન લેવા માટે અરજીઓ કરવાનું ફરમાન કરવામાં આવ્યું જેના અનુસંધાને હજ્જારો ટ્રસ્ટોએ ફરીથી જહેમત ઉઠાવવી પડી અને કેટલાંય ટ્રસ્ટો ડેડલાઈન ચૂકી જતાં સમય સમયે તારીખ લંબાવવામાં આવી. નવા પ્રાવધાન મુજબ પ્રોવિઝનલ અને ફાયનલ એમ બે રજીસ્ટ્રેશન આપવામાં આવ્યા. જેમાં પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન 3 વર્ષો માટે અને ફાયનલ રજીસ્ટ્રેશન 3 વર્ષો માટે અને ફાયનલ રજીસ્ટ્રેશન 5 વર્ષો માટે આપવામાં આવ્યા. આ વ. 2022-23 થી આ.વ. 2026-27ના વર્ષો માટે અમલી રહ્યુ અને તા. 31-3-2026ની અવધિ પૂર્ણ થયાના 6 મહિના પહેલા એટલે કે 30-9-2025 સુધીમાં આ ટ્રસ્ટોએ રીન્યુઅલ અરજી કરવાની હતી. ઘણાં ટ્રસ્ટો આ અવધિપણ ચૂકી ગયા હતા. કમિશનર (E) તરફથી સ્પષ્ટતા માંગતો પત્ર મળે છે.

**અન્ય વિલંબ માફની અરજીઓ**

કેટલાંક ટ્રસ્ટોમાં ઓડિટ રીપોર્ટ ફોર્મ નં. 10B તથા 10BB સમયસર ભરી શકાયા નહિ હોય કરમુક્તિ આપી નથી. ટ્રસ્ટના રીટર્નો તથા અન્ય પ્રોસીજરલ ફોર્મ-નં. 9A અને 10માં પણ વિલંબ માફની અરજીઓ લાંબા સમયથી નિકાલ થતી નથી અથવા આડેધડ રિજેક્ટ થાય છે જેમાં હાઈકોર્ટ સમક્ષની ખર્ચાળ કાર્યવાહીમાંથી પસાર થવું પડે છે. કારણકે ટ્રીબ્યુનલ અપીલનો રસ્તો બંધ છે.

**બિનજરૂરી સવાલોનો મારો**

(1) પત્રના અનુસંધાન એટલું જ લખવામાં આવે છે કે જવાબ અપૂરતાં છે, પ્રવૃત્તિઓ (Activities)નો રીપોર્ટ આપ્યો નથી તેથી રીન્યુઅલ રજીસ્ટ્રેશન કેન્સર કરવામાં આવે છે.

(2) કલમ-12A ની સાથે 80Gની અરજી કરવામાં આવે છે જેમાં અલગથી જવાબ મંગાવો તો નથી અને 12Aની સાથે સાથે 80G પણ કેન્સલ કરવામાં આવે છે.

(3) 6 મહિના પહેલાં થી રીન્યુઅલ અરજી કરવાનું ઘણાં ટ્રસ્ટો ચૂકી ગયા છે તેઓને ડિલે-કોન્ડોન (વિલંબ માફ)ની તક આપ્યા વિના રજીસ્ટ્રેશન કેન્સર કરવામાં આવે છે.

(4) પોર્ટલ ઉપર છેલ્લામાં છેલ્લી (Latest) વિગતો અપડેટ થઈ નહિ હોય નોટીસ મળતી નથી તેઓને રજીસ્ટર્ડ પોસ્ટથી નોટીસ મોકલીને એક તક આપવી જરૂરી. જેથી પોર્ટલ ઉપર સાચો મેઈલ નંબર મોકલીને ભવિષ્યમાં નોટીસો મેળવી શકે.

(5) પ્રવૃત્તિઓના હેવાલ સાથે ફોટાઓ અપલોડ કરવાની તથા અન્ય બિનજરૂરી વિગતો માંગવાની માથાફોડી કરવાને બદલે કાયદા

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

મુજબની બે શરતો જેવી કે સાચી અને યથાર્થ પ્રવૃત્તિ (Genuine) અને અન્ય કાયદાઓ હેઠળ કોઈ ભંગ થયો નથી. તથા પ્રવૃત્તિઓ ટ્રસ્ટના ઉદ્દેશ્યને અનુરૂપ (Objects)ને અનુરૂપ છે. એટલુ ઓડિટ રીપોર્ટને આધારે સાબિત થઈ જાય છે.

(6) કેટલાક કેઈસોમાં ટ્રસ્ટના બિલ્ડીંગના ફોટાઓ મોકલ્યા નહિ હોવાથી રજીસ્ટ્રેશન કેન્સલ કર્યા છે.

(7) ટ્રસ્ટો વાણિજિય્ક (commercial) પ્રવૃત્તિ કરે છે. અથવા ટ્રસ્ટ ડીડમાં બિન-રદબાતલ (Irrevocable) શબ્દો નહિ હોવાથી રજીસ્ટ્રેશન કેન્સલ થયા છે. મુંબઈ હાઈકોર્ટે તા. 9-3-2026ના રોજ એક રીટ પીટીશનમાં ટ્રસ્ટો તરફે ચૂકાદો આપ્યો હતો.

(8) 2-3 લાખનું કોરપસ ધરાવતાં નાના ટ્રસ્ટોને બિનજરૂરી અમદાવાદ બોલાવે છે.

**ટ્રસ્ટોએ શું કરવું?**

ટ્રસ્ટોના રજીસ્ટ્રેશન આડેધડ કેન્સલ થવાથી ટ્રસ્ટીઓ, અને કન્સલ્ટન્ટોની નારાજગી વધી ગઈ છે. વળી રજીસ્ટ્રેશન રિજેકશન લેટરમાં કલમ-115 T D મુજબ એક્ઝીટ ટેક્ષની ધમકી આપવામાં આવે છે. એટલું જ નહિ ખર્ચાઓ બાદ આપ્યા સિવાય સંપૂર્ણ આવક ઉપર 30% ટેક્ષ અને મિલકતની બજાર કિંમત અને ચોપડે કિંમતના તફાવત ઉપર ટેક્ષ વસુલવાનું ફરમાન છોડયું છે.

- કમિશનર (E)માંથી નોટીસ નહિ મળવાને કારણે અથવા અન્ય કારણસર વિગતો અપલોડ કરવાનું ચૂકાય ગયું છે. એ સંજોગોમાં રિજેકશન લેટરના અનુસંધાને વિગતો, ફોટા, વિગેરે અપલોડ કરવાના વન-ટાઈમ રિડ્રેસલ વિન્ડો ખોલીને તક આપવી જોઈએ. જેથી કરદાતા ટ્રીબ્યુનલ અપીલથી બચી શકે. જે રજીસ્ટ્રેશન 5 વર્ષો માટે આપ્યા છે અને પાછલા બે વર્ષોના ટર્ન ઓવર 5 કરોડથી ઓછા હોય તેને 10 વર્ષોના આપવા જોઈએ.

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૯૮૧૦ |
| તેજાબી સોનું | ૧૪૯૭૨૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૨૩૨૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૬૮૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૯૮૧૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૦૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૧૫૦૦ |